Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૧ • તા. ૦૩ ઑગસ્ટ થી ૦૯ ઑગસ્ટ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## પૂજ્યશ્રીઓના ચાતુર્માસ પ્રવેશ




પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ




મુલુન્ડ નગરે પ.પૂ.આ.ભ.શ્રી. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ






શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદબંદર નગરે પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

## ક.દ.ઓ. એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા આ વખતે સમર કેમ્પનું આયોજન



ક.દ.ઓ. એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા આ વખતે સમર કેમ્પનું આયોજન તા. ૭.૬.૨૦૧૫ ના રોજ કર્યું હતું. ભુજમાં હિપ હોપર્સ ડાન્સ અકેડમી ચલાવનાર પાર્થ શાહે આ પ્રોગ્રામમાં વિવિધ એક્ટીવીટી અને પર્સનાલીટી ડેવલપમેન્ટ, ગરબા, ડાન્સ, કવીઝ કોમ્પીટશન, મ્યુઝીક કોમ્પીટીશન, પ્રોપ ગેમ્સ વગેરે ગેમ્સ રમાડી હતી. કમીટી મેમ્બર્સ મીનાબેન લાલકા, દિસીબેન ધરમશી, કલ્પનાબેન મોતા, ભાવિની દંડ, મૃદુલાબેન, લતાબેન પણ સાથ સહકાર આપ્યો હતો. બધાને સર્ટીફીકિટસ અને વિવિધ ઈનામો આપીને અનુમોદના કરવામાં આવી હતી. મંડળ દ્વારા સભ્યોનીજ મેડિકલ કેમ્પમાં બેસ્ટ કેન્સરની ચકાસણી સહચારી ટ્રસ્ટ, ગાંધીધામમાં કરાવવામાં આવેલ.

# શ્રદ્ધાંજલી



## માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા (ઉ.વર્ષ–૭૬)
## ગામ લાલા–હાલ વડોદરા

અમારા પરમ પૂજય માતુશ્રી ગં.સ્વ. નિર્મલાબેન કુંવરજી લાલકા બહોળા પરિવારને છોડીને અ.અષાઢ વદ ૧૩ ને મંગળવાર તા. ૧૪-૦૭-૨૦૧૫ ના રોજ અરીહંત શરણ પામ્યા છે.

સ્વર્ગસ્થ નું જીવન -નિર્મળ-ભક્તિ પરાયણ આજીવન રહયું છે. તેઓની અણધારી વિદાય કદી વિસરી ન શકાય. પરિવારને તેમની હાજરીની ખોટ પડી.. માટીનો દેહ માટીમાં મળી ગયો.

દિવંગતના આત્માને આદીનાથ ભગવાન પરમ શાંતી આપે. પોતાની પાસે સ્થાન આપે તેવી અમારી પ્રાર્થના. સ્વર્ગસ્થના જીવનની સુવાસ-ઉમળકાનો ભાવ, કર્તવ્ય પરાયણ નિષ્ઠા એવા સદગુણોનો અમર વારસો મુકીને સ્વર્ગારોહણ કરનાર અમારા જનેતા ને કોટી-કોટી વંદન.

# ઋણ સ્વીકાર

અમારા પરમ પૂજય માતુશ્રી ગં.સ્વ. નિર્મલાબેન કુંવરજી લાલકા ના અવસાનની દુઃખદ ઘટનામાં આપશ્રી એ અંતિમ યાત્રા, પ્રાથના સભામાં હાજરી આપી અથવા ફોન-પત્ર દ્વારા અમારા દુખમાં સહભાગી થયા તે બદલ અમારો પરિવાર આપનો ઋણી છે. તે ઉપરાંત ગુરૂ ભગવંતો તરફથી આશ્વાસન પત્રો મળેલ છે તે સર્વેનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

લિ.

પુત્રો – લીલમ, પ્રિતમ, કેનીલ, લીનેશ
પુત્ર વધુ – અ.સૌ. ચેતનાબેન, વિજયાબેન, રીધ્ધીબેન
પૌત્રી – અ.સૌ. રેશા સોહમ મુનવર, કુ. હની
પૌત્ર – ચિ. પાર્થ, ગૌરવ, જૈનમ, જૈનીસ
પડ દોહીત્ર – ચિ. હિતાંશ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 31/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


# કચ્છ-હાલાર વિશે ભાવુકતા છોડી બુધ્ધિસંગત વલણ અપનાવવાનો સમય પાકી ગયો છે.

કચ્છ-હાલારના ગામોમાં પર્યુષણ કરવા સંબંધે આવતી જહેરાતો નિમિત્તે વિવિધ ગામોના આગેવાનો સાથે તેમના દ્વારા થનારી પર્યુષણાની ઉજવણી તથા સ્થાનિકે જ્ઞાતિની ધાર્મિક સામાજિક મિલકતોની વ્યવસ્થા બાબત જે સ્વાભાવિક વાતચીત થઈ એમાંથી બે તારણ નિકળ્યા :

મોટા ગામોના અપવાદ સિવાયના ગામો માટે ત્યાંની ધાર્મિક - સામાજિક મિલકતો સંભાળવી તથા ત્યાં પર્યુષણ કે ધ્વજા મહોત્સવની ઉજવણી એ થોડા ભાવુકોની જીદને અને તેમના દ્વારા અપાતા ભોગને આભારી છે. જો તેઓ પોતાના સંકલ્પબળમાંથી જરા પીછેહટ કરે તો આખું ય માળખું કકડભૂસ થઈ જાય તેમ છે.

નોંધપાત્ર વાત એ પણ છે કે આ માટે બે-પાંચ ગામો સહિયારું આયોજન કરે તેવો થોડા વર્ષો પહેલાં શરૂ થયેલ પ્રવાહ પણ છેલ્લા એકાદ બે વરસથી સૂકાવા લાગ્યો છે.

બહુમતિ જ્ઞાતિજનો આ બાબત ઉદાસીન છે અને જેટલા લોકો ભાવુકતાથી આ બાબતને પકડી બેઠા છે, તેમને પણ ચિંતા છે કે આવતા પાંચ-દસ વર્ષોમાં શું થશે ? શક્ય છે કે વિશેષ પ્રયત્નો કરવામાં આવે તો આ શુન્યાવકાશ કદાચ થોડા વર્ષો પાછળ ધકેલાઈ જાય પણ આખરે તો કાળની ઘડિયાળના કાંટા પાછા ફેરવી શકાવાના નથી એ સત્ય સ્વીકારવું જ પાડવાનું છે.

આ તથ્યને ધ્યાનમાં રાખીને તો જ્ઞાતિએ કચ્છ-હાલાર બાબત કેવું વલણ અપનાવવું એ બાબતને કાર્ય સૂચિમાં સ્થાન આપવું જ પાડવાનું છે.

આમ જોઈએ તો જ્ઞાતિએ છેક પહેલા સંમેલન વખતે આ બાબત ભાવુકતા છોડી બુધ્ધિસંગત વલણ અપનાવવાની શરૂઆત કરી હતી.

પ્રથમ સંમેલનની ફલશ્રુતિરૂપે સ્થપાયેલા કચ્છ પ્રાંતીય મહાજન પાછળની મુખ્ય ભાવના જ્ઞાતિજનોને પોત પોતાના ગામની મર્યાદામાંથી બહાર કાઢીને કચ્છને એક એકમ માનીને વિચારતા કરવાનો હતો. જોકે, બધાજ ગામોમાં વસતિ ટકી રહે તેમજ ત્યાંની ધાર્મિક-સામાજિક મિલકતો સારી રીતે સચવાય એ બાબતનું મહત્વ ઓછું કરવાનું નહોતું, એ વાત પણ ધ્યાનમાં રાખવામાં આવી હતી.

ગામે ગામની ખેતી સમૃધ્ધ થાય અને સ્થાનિકે વસતા જ્ઞાતિજનો સ્વાવલંબી બને તેમજ તેમનું મુંબઈ કે બહારગામ વસેલ પરિવારજનો દ્વારા મોકલાતા મનિઓર્ડર પર નિર્ભર થવાનું તેમનું વલણ બંદ કે ઓછું થાય એ માટે કચ્છી દશા ઓશવાલોએ જેટલા પ્રયત્નો અને પ્રયોગો કર્યા એટલા ભાગ્યે જ કોઈ સમુદાયે કર્યા હશે.

અલબત, કચ્છની પરિસ્થિતિનો ઈતિહાસ તપાસીએ તો ધ્યાનમાં આવે છે કે દરેક દાયકાએ એકાદ વખત ઉપરા ઉપરી બે દુકાળ અનુભવવા પડ્યા છે. એટલું જ નહીં પણ દર બે દાયકાએ એકાદ વખત તો ત્રણ ત્રણ દુકાળ એક સાથે અનુભવાયા છે.

એ પણ નોંધપાત્ર વાત છે કે એકાદ દુકાળ પડે ત્યારે ભાગ્યે જ કોઈ જ્ઞાતિજને સ્થળાંતર કર્યું હશે પણ જ્યારે જ્યારે ત્રણ ત્રણ દુકાળ એક સાથે પડ્યા હોય ત્યારે જ્ઞાતિજનોએ મોટા પ્રમાણમાં કચ્છમાંથી ઉચાળા ભર્યા છે.

જો તુલના કરીએ તો આ પ્રક્રિયાના ભાગરૂપે ૧૯૭૨ પછી ક.દ.ઓ.ની, ૧૯૮૧ પછી માંડવી-મુંદ્રા તાલુકામાં વસતા ક.વી.ઓ. તેમજ પાંચ સાત વર્ષ પછી વા.વી.ઓ.ની સ્થાનિકે વસતિ સાવ પાંખી થઈ ગઈ. તે પછી પણ એકાદ દાયકા સુધી સ્થાનિકે આગેવાન કહી શકાય એવા ઓસવાલો હતા. એ પછી સ્થાનિક નેતૃત્વનો સાવ અસ્ત થયો.

છેલ્લા બે-ત્રણ દાયકાથી કચ્છ અને હાલારના ગામોમાં સ્થાનિકે આવેલ ધાર્મિક-સામાજિક મિકલતોનો વહીવટ મુંબઈમાં કે બહારગામ વસતા જ્ઞાતિ આગેવાનો સંભાળી રહ્યા છે. આ સમય ગાળા દરમિયાન ગામો ભલે ખાલી થયા હોય પણ ગાંધીધામ-ભુજમાં વસનારા જ્ઞાતિજનોની સંખ્યા હજુ પણ નોંધપાત્ર છે. બીજી બાજુ, હાલારના ગામોની વાત કરીએ તો ત્યાં જામનગર મુખ્ય મથક હોવા છતાં ત્યાં આપણી વસતી તેટલી વધી નથી, બલ્કે તેની સરખામણીમાં બિલ્કુલ વધી નથી.

બીજા સંમેલન પછી કચ્છ એકમ સક્રિય બન્યું તે વખતથી અબડાસામાંની મિલકતોના સહિયારા વહિવટમાં તેને અગ્રક્રમ આપવામાં આવો હોત તો એ મિલકતોનો વહિવટ જે રીતે થયો છે એનાથી અનેકગણો સારી રીતે થાત.

વધુમાં ભાવુકતાથી સ્થાનિકે જનાર આગેવાનોએ ત્યાં રહેવા-જમવા વગેરેની પોતાને પડતી અગવડને ધ્યાનમાં રાખીને જો રહેવા, જમવાની મુંબઈની સમકક્ષ વ્યવસ્થા કરવામાં આવશે તો લોકોની અવરજવર રહેશે એવું માની લઈને ગામે ગામ અતિથીગૃહો તથા ભોજનશાળા ઊભા કર્યા તેમાં જ્ઞાતિના કરોડો રૂપિયા ખર્ચીયા, પણ તેનો પુરતો ઉપયોગ થતો નથી.

અલબત્ત આને કારણે કચ્છને એક એકમ ગણવાની ભાવના વિસારે પાડીને મારું ગામ - આપણું ગામ એવી જે ભાવુકતા છેલ્લાં ત્રીસેકે વર્ષમાં જ્ઞાતિજનોએ સર્વસામાન્ય રીતે અધિકાધિક માત્રામાં અપનાવી છે તેથી જ્ઞાતિને લાભ થયો છે કે ગેરલાભ તે વિશે બને પક્ષે વ્યાજબીપણાની દલીલ થઈ શકે.

બીજાની સંમેલનમાં સ્થાનિકે વધી રહેલી મુશ્કેલીઓનો પ્રશ્ન ચર્ચાયેલો પણ બહુ ભાવુકતાથી પરંતુ કચ્છ-હાલારના ધાર્મિક-સામિજિક મિલકતો અંગેના સહિયારા વહીવટના પ્રશ્ન ધ્યાન અપાયું નહીં.

ત્રીજું સંમેલન ભરાયું વખતે કચ્છમાં દુકાળની સ્થિતિ હતી તેથી ઘણા લોકોએ એ ખર્ચાવ આયોજનની ના પાડેલી પણ તેમને વિઘ્નસંતોષી માની આ બાબત ઉદાસીનતા સેવાયેલી અને એકાદ ભાવુક ઠરાવ કરીને સંતોષ માની લેવામાં આવ્યો.

આજે જ્યારે ચોથું સંમેલન ભરવાના ચક્રો ગતિમાન થઈ ચુક્યા છે ત્યારે જરા ય ભાવુક થયા વગર આ પ્રશ્ન બુધ્ધિસંગત રીતે ચર્ચવાની જરૂર છે. તેમાં ખાસ નોંધ લેવાની વાત એ છે કે ગણ્યા ગાંઠ્યા અપવાદો સિવાય કચ્છ-હાલાર પ્રત્યે ભાવુકતા દર્શાવનારા ૪૫ વર્ષથી મોટી ઉંમરના છે અને તેઓ ૬૦ વર્ષના થશે ત્યારે મોટો શૂન્યાવકાશ સર્જાવાનો છે.

જો જ્ઞાતિએ ત્યાં સુધીમાં આ બાબત બુધ્ધિસંગત વિચારણા કરી નક્કર પગલાં નહીં ભર્યા હોય તો એ મિલકતો કાંતો આપણી પાસેથી છીનવાઈ જશે અથવા તો ખંડેરમાં ફેરવાઈ જશે.

આટલી પૂર્વ ભૂમિકા પછી બુધ્ધિ સંગત વલણ કેવું હોય તેની સ્પષ્ટતા કરવી ઠીક ગણાશે : પહેલી વાત તો એકે હવે પછી પંચતિથીના ગામોના જિનાલયો સિવાય કોઈ પણ ગામના જિનાલયોનો જિર્ણોધ્ધાર ન કરાય, અન્ય ગામના દેરાસરોને તેમની પાયાથી જીર્ણોધ્ધારની જરૂરત ઊભી ન થાય ત્યાં સુધી સહિયારી રીતે જાળવી રાખવાની કચ્છમાં વસતા જ્ઞાતિજનોના સહભાગવાળી વ્યવસ્થા કરવામાં આવે, તેમજ કોઠારામાં કે અન્ય ગામમાં એક મહા જિનાલયનું નિર્માણ કરી ત્યાં અન્ય ગામના દેરાસરોના પાયાથી જિર્ણોધ્ધારની જરૂર ઊભી થાય ત્યારે તેમ ન કરતાં તેમની મુળનાયકની અને અન્ય મુખ્ય મુર્તિઓ આ મહાજિનાલયમાં પ્રસ્થાપિત કરાય અને તેવી જ રીતે હાલારના જિનાલયો અંગે પણ તર્ક બુધ્ધિસંગત નિર્ણયો લેવાય, તે પ્રકારની બાબત કાર્યસૂચિ પર લાવવાની તો હિંમત દાખવવી જ પડવાની છે.

આશા રાખીએ કે આ હિંમત સમયસર દાખવવામાં આવશે જેથી ભાવુકતામાં તણાઈને થતો વેડફાટ અટકે અને કચ્છ-હાલારમાંની ધાર્મિક - સામાજિક મિલકતોની વિવિધલક્ષી કાળ વિજયી વ્યવસ્થા થઈ શકે.

- ચંદ્રસેન મોમાયા

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ**

# ધ્વજાના વધામંણા પ્રભુ ''અનંતનાથ''ના ધામે......

**''અનંતનાથજી છે જ્ઞાતિના હિરો, જગમાં ન મળે તેમના સમ દુજો દિવો,**
**પ્રભુના મહિમાનો અમૃત જો હોય પીવો, તો પધારજો ધ્વજા મહોત્સવનો આરોગવા શીરો.''**

સંસારી સંબંધોની સાલગિરા, જન્મદિવસ ખૂબ ઉજવવ્યાં, હવે દાદાનાં દેવાલયની સાલગિરાનો પ્રસંગ મળ્યો. સૌના અંતરમાં પધરામણી કરનારા, અલબેલા દાદા અનંતનાથની લીલા છે અપરંપાર. ૧૮૨ વર્ષથી જેમણે કર્યું છે મસ્જીદબંદર ઉપર રાજ્ય, એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. સૌ થઈ જજો તૈયાર, અનંતનાથ દાદાની છાયા, અચલગચ્છાધિપતિશ્રીજીના આશિષ વર્ષાની સાથે, મિતભાષી **પ.પૂ.સા.શ્રી ચારૂલત્તાશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ. સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩ નું શુભ સાનિધ્ય, તેમજ યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા. નો સંગાથ, જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન. સમગ્ર જ્ઞાતિજનોના ભાવિક ભક્તોની પધરામણી સોનામાં સુગંધ રૂપ મહોત્સવને સુગંધી બનાવશે.



## ત્રિદિવસીય મહોત્સવની Hi-Lights :



**તા. ૨૨.૮.૨૦૧૫ શ્રાવણ સુદ - ૮, શનિવાર**

**શ્રી અઢાર અભિષેક મહાપૂજન** યતિવર્યશ્રીજીના સથવારે અને ભરતભાઈ શાહ ના સંગીતના તાલે
સવારે ૯.૦૦ કલાકે ભણાવવામાં આવશે.



**શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી** સાંજના ૭.૦૦ કલાકે
નામાંકિત કલાકારો દ્વારા સંગીતના સથવારે.



**તા. ૨૩.૮.૨૦૧૫ શ્રાવણ સુદ - ૯, રવિવાર**

શ્રી અનંતનાથજી દેરાસરજીની ૧૮૨મી ધ્વજા રોહણ સાથે સત્તરભેદી પુજા.
સવારના ૮.૦૦ કલાકે.



**તા. ૨૪.૮.૨૦૧૫ શ્રાવણ સુદ - ૧૦, સોમવાર**

**''શ્રી સમેતશિખરજી મહાતીર્થની ભાવસ્પર્શના''**

શ્રી અભિનંદનસ્વામી મહિલા મંડળ (કલવા)નો મંડળ પધારી ભક્તિમાં તરબોળ કરશે.
સમય : સવારે ૮.૩૦ કલાકે.

**''મહોત્સવમાં યોજાશે અનુષ્ઠાન,વધશે જ્ઞાતિ, ગચ્છની શાન,**
**ગાઈશું જિનરાજનાં ખૂબ ગુણગાન, બનીશું જિનભક્તિમાં મસ્તાન.''**

**ભૂલ સુધાર :** અંક - ૩૦ તા. ૨૭/૦૭/૨૦૧૫ થી ૨/૮/૨૦૧૫ પાના નં. ૧૫ ઉપર
મુંબઈ મહાજનની ખાસ સભા તા. ૨૨/૮/૨૦૧૫ના બદલે તા. ૨૩/૮/૨૦૧૫ રવિવારે વાચવું


## મુંબઈ મહાજનની એસએમએસ સર્વિસ મેળવવા માટેની સરળ રીત

૧. મોબાઈલમાં એસએમએસ (SMS) ટાઈપ કરો JOIN KDOS
૨. આ એસએમએસ 92200 92200 મોબાઈલ નંબર પર મોકલી આપો

**કોઈપણ જ્ઞાતિજનના અવસાન સમયે એક એસએમએસ સેવા બિલકુલ નિઃશુલ્ક મળશે.**
કમર્શિયલ એસએમએસ સેવાનો ચાર્જ : માત્ર રૂા. ૧,૫૦૦/- એસએમએસ
અંતિમયાત્રા અને પ્રાર્થના બન્ને એસએમએસ સેવાનો ચાર્જ (બેમાંથી એક સેવા નિઃશુલ્ક મળશે) : રૂા. ૧,૨૦૦/- એસએમએસ
નોંધ : પ્રત્યેક એસમેસએસ ૧૫૦ કેરેક્ટરનો રહેશે.

## વીર ભગિની મંડળ - વડાલા

વીર ભગિની મંડળની સ્થાપના સન ૧૯૭૫ની સાલમાં સ્વ. સુમતી બેન સોમચંદ દંડ તથા સ્વ. વિજયાબેન છેડા એ કરેલ. ત્યારે વીર ભગિની મંડળમાં ૩૦ બહેનો હતી. આ મંડળમાં K.D.O. તથા K.V.O. ની બહેનો સાથે છે. મંડળ મહાકાળી માંની ભાવના તથા નવી તથા જુની તથા આચાર્ય ગુણસાગર મહારાજ દ્વારા રચિત પૂજા પણ ભણાવે છે. પૂજાનો નકરો રૂા. ૧૦૧ છે. જો કોઈની આર્થિક સ્થિતિ સારી ન હોય ફી માં ભણાવે છે. જે પ્રેમથી આપે તે સ્વીકારાય છે. પ્રભાવના પણ ફરજીયાત નથી મંડળ બહારપણા પૂજા ભણાવવા પણ જાય છે.

વીર ભગિની મંડળની સભ્ય દીઠ વાર્ષિક ફી માત્ર રૂા. ૧૦૧ છે. પૂજા વખતે જે બહેન ગેરહાજર રહે તેને દંડ પેઢે રૂા. ૧૦ નો ચાર્જ છે, તે પૈસા જીવદયામાં જાય છે. પૂજાના નકરાના પૈસા વરસ દરમ્યાન જે જમા થાય તે જાત્રા માટે વપરાય છે. તેમાં પણ જો પૈસા ઘટે તો મંડળ બહેનો ફાળો આપે છે. K.D.O. તથા K.V.O. બહેનો વચ્ચે કોઈ ભેદભાવ નથી, તેથી ૪૦ વર્ષ થયા મંડળ ચાલે છે. હમણાં આજાદ નગર રી-ડેવલપમેન્ટેં થવાનું હોવાથી થોડી બહેનો દૂર રહેવા ગયેલ છે, પણ મંડળ ચાલે છે.

**પ્રમુખ :** શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ ધરમશી - સેવક ભરૂડીયા, K.D.O., શ્રીમતી મણીબેન ગડા - નાના ભાડીયા, K.V.O., **ખજાનચી :** શ્રીમતી વાસંતીબેન મહેન્દ્ર ગોસર - દેઢીયા, **સભ્ય :** શ્રીમતી સુશીલાબેન નવિનચંદ ધરમશી (માજી પ્રમુખ), શ્રીમતી ગુણવંતીબેન મુનવર, શ્રીમતી સરલાબેન લોડાયા, શ્રીમતી તરલાબેન રમેશચંદ્ર, શ્રીમતી મીનાબેન, શ્રીમતી ગુણવંતીબેન વાલજી, શ્રીમતી મંજુલાબેન શામજી લોડાયા.

**રજૂઆત :** સુશીલાબેન નવિનચંદ ધરમશી (માજી પ્રમુખ) ગામ મોટી ખાવડી, મો. 98334 24719

શ્રીમતી સુશીલાબેન નવિનચંદ્ર ધરમશીને, વર્ષ ૭૩ આ ઉમરે પણ દાંડીયા, ગરબા, રાસડા, રમવાનો તથા નાટક ભજવવાનો શોખ છે.

મંડળનું એડ્રેસ : C/o. **સુશીલાબેન નવિનચંદ્ર ધરમશી**
બદ્રી વિશાલ, ૨ જે માળે, રૂમ નં. ૪, આર.એ.કે. રોડ,
વડાલા, મુંબઈ - ૪૦૦ ૦૩૯.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## KDO GLOBAL SUMMIT ON IT AND EMERGING BUSINESSES

KDO Global summit on IT and Emerging Businesses will be held at the Silicon Valley of India, the Start Up Hub and the Garden City Bengaluru on 8th and 9th of January, 2016.

The KDOS above the age of 20 are eligible to participate in this event. The major proceedings will be in english.

The whole event will be organised professionally. The Dress Code for all the Gents will be a Formal Suit and for the Ladies it will be a Saree.

There is no participation fee. Food, Study Material and Related Activities Etc. will be provided by the Organisers free. Travel and stay expenses will have to be taken care of by the participants.

Other details to follow :

The organisers of this event are the Shri KDO Jain Mahajans of Mumbai, Bengaluru, Chennai, Hyderabad and the Shri KDO Welfare Trust, Pune.

## ઈન્ફરમેશન ટેક્નોલોજી અને ધંધા-વ્યવસાય વિશેષ પરિસંવાદ

ઈન્ફરમેશન ટેક્નોલોજી અને વિકાસશીલ વિશનું વિશેષ આયોજન ધંધા-વ્યવસાય વિશેની ક.દ.ઓ. જાગતિક પરિસંવાદ ભારતની સીલીકોન વેલી તથા ગાર્ડન સીટી બેંગલોર ખાતે ૮મી અને ૯મી જાન્યુઆરી ૨૦૧૬ના યોજાશે.

૨૦ વર્ષની ઉપરના કે.ડી.ઓ. જ્ઞાતિજનો આ માટે પાત્ર ગણાશે. સભાની મુખ્ય કાર્યવાહી અંગ્રેજીમાં ચાલશે. આખું આયોજન વ્યાવસાયિક ઢબે થશે. બધા પુરુષો માટેનો પહેરવેશ આચાર (ડ્રેસ કોડ) હશે ફોરમલ સ્યુટ અને મહિલાઓ માટે સાડી.

સહભાગી થવા માટે કોઈ ફી આપવાની નહીં હોય. ઉપરાંત ભોજનાદિ અને અભ્યાસ સામ્રગી તથા સંબંધિત પ્રવૃત્તિઓ માટેની આવશ્યકતાઓ આયોજકો ફી પૂરી પાડશે.

પ્રવાસ અને રહેવાના ખર્ચા સહભાગી થનારે પોતાને ભોગવવાના રહેશે. વધુ વિગતો ટૂકંમાં જાહેર થશે.

આના આયોજકોમાં છે મુંબઈ - બેંગલોર - ચેન્નઈ - હૈદરાબાદ આદિ મહાનગરોના કે.ડી.ઓ. મહાજનો તેમજ પુનાનું કે.ડી.ઓ. વેલફેર ટ્રસ્ટ.


**પધારો વરાડીયા પધારો**

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં દાદા શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના દર્શને પધારો. અત્રે ભોજનશાળા તથા અતિથિગૃહની સુવિધા છે.

| | |
|---|---|
| **ભોજનશાળા** | : 99259 84425, 95743 43315 |
| **અતિથિગૃહ** | : 94285 67101, 83470 66642 |
| **નિરંજન મોમાયા** | : 93222 24815 |
| **નલીન ડાઘા** | : 97691 11040 |

પ્રભુજીના અઢાર અભિષેક તથા જિનાલય ધ્વજાપ્રસંગે શ્રાવણ સુદ ચોથ અને પાંચમ તા. ૧૮/૮ને ૧૯/૮ના પધારવા વિનંતી.

RAJSHREE YOGA & FAT FREE ZONE®

Weight Management & Yoga Center
Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૧ વર્ષથી માત્ર સ્થુળતા નહીં ડાયાબિટીસ અને અન્ય તકલીફોમાં પણ એટલાજ સફળ**

**➡ સુ જોક એક્યુપ્રેસર શીખો અને પોતાની ટ્રીટમેંટ જાતે કરો.**



**નામ નહીં કામ બોલે છે**

અલ્પા શાહ

એજ રીવર્સલ (ઉંમર ઘટાડવાનો) પ્રોગ્રામ કર્યા પછીનો
યંગ લુક (યુવાન દેખાવ)

**ટોટલ 20 કિલો વજન ઉતર્યું**

**ટોટલ 145 ઈંચ ઉતર્યા**





પહેલાં



પછી



પહેલાં



પછી

**➡ ખાસ વાંચો :** **રાજશ્રી યોગાના ડાયાબિટીસ મુક્તિ અભિયાનમાં ૧૫૦ થી વધુ લોકો ભાગ લઈ ચુક્યા છે. શું આપ હજી બાકી છો ?**

છેલ્લા ૪ વર્ષમાં જેટલા લોકો ડાયાબિટીસ માટે જોડાયેલા એમાંથી લગભગ બધા જેમણે આખો કોર્સ પૂરો કર્યો છે તેઓ ડાયાબિટીસ મુક્ત છે. ઘણા લોકોની દવા તથા બધાના ઈન્સ્યુલીન બંધ થઈ ગયા છે. છેલ્લે ફુડ ટ્રાયલ આપવામાં આવે છે. જે માં અમુક વસ્તુઓ ખાઈને જોવાનું કે સુગર ફરી વધતી નથી.

➡ નાના બાળકો અને ઇન્સ્યુલીન લેનારાઓ માટે ખાસ.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, અમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે ક્યાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪
વેબસાઈટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## મારા જીવનનું ટર્નિંગ પાઈન્ટ : ઈન્દુબેન ગોવિંદજી ધરમશી (હુબલી)

મહારાષ્ટ્રના ખોબા જેવડા જુજ વસ્તીવાળા ગામમાં મારો ઉછેર થયો. સાતારા જીલ્લો, કરાડ તાલુકો આની બાજુમાં, મસુર ગામડું ૯ માઈલ દૂર પણ કુદરતથી લીલીવાડીઓથી ભરપૂર વનરાઈ, ઝરણું અને રેલ્વે સ્ટેશન ખરું. ૧૦૦ વરસ પહેલાનું જિન મંદિર છે, કારણ કચ્છી, મારવાડી ગુજરાતી વસ્તીના ઘર ખૂબ હતા. સ્કૂલમાં ૭મી સુધી ભણવાની વ્યવસ્થા હતી.

અમારું ઘર એટલે અત્યારનો બંગલો, ત્યારે ૧૦૦ વરસ ઉપર વાડો કહેતા. નાના મોટા કેટલા રૂમ, આગળ દુકાન, પાછળ ઘર હતું. અંદર જ કુવો હતો. બાગ-બગીચો અને એ જમાનાના અમારા ઘરે અંદર જ શૌચાલય પણ ખરું ! એકત્ર કુટુંબમાં રહેતા. મારી ૫ વર્ષ સગાઈ થયેલી. ૧૬ વર્ષે લગ્ન લેવાયા. મારા બાપુજી તથા દૂરના માસીયાઈ ભાઈ એટલે મોટા કાકા બંને સ્વાતંત્ર્ય સેનાની હતા. એટલે રાત્રે ચોપાનીયા નિકળતા અને રાતોરાત પહોંચી જાય. બે-ત્રણ વખત જેલ પણ જઈ આવ્યા, વાય.બી. ચવ્હાણ સાથે ઘરોબો એટલે મીટીંગ થતી.


વનિતા વિશ્વ

હું સહુથી મોટી દિકરી એટલે માતુશ્રી કાકી, દાદી સાથે રસોઈ તથા અન્ય કામોમાં સાથ આપતી. થોડામાં કેમ વધારે કરવું, કરકસર, ટાઈમ મેનેજમેન્ટ, સહનશક્તિ, ઝડપ, ભરતકામ, શીવણકામ અને સાથે હિંદીમાં કોવીદ સુધી ભણતર કર્યું. ખૂબ શીખવા મળ્યું, જે જીંદગીના ઘડતરમાં સંસ્કારોમાં ખૂબજ કામ આવ્યું. સભાઓ, ચળવળ, ઘરના વાતાવરણથી સ્વાતંત્ર્ય સંગ્રામ ચળવળમાં જોડાઈ. વાનરસેનામાં સક્રીય ભાગ લઈ ફલ સ્વરૂપે જેલ પણ જઈ આવી. પૂ. ગાંધીજીના ઉપદેશથી ખાદી પરિધાન કરી. ચા છોડી અને અંગ્રેજીમાં ન ભણવું નિશ્ચય કર્યો.

૧૬ વરસ પછી હુબલી ગામમાં ધનજી ખીંયશી ધરમશી પરિવારના નાના પુત્ર શ્રી ગોંવિદજીભાઈ સાથે લગ્ન ગ્રંથિથી જોડાઈ. નાની વહુ એટલે કામ હોંશેહોંશેથી કર્યું. હુબલી ગામમાં મર્યાદા, ધર્મપ્રવૃત્તિ અને વ્યવહારમાં જુના રીતી રીવાજોમાં માનનારા વિચારો, પણ ખૂબ ગમતું. મોટી નણંદ માઁ જેવા હતા. ઘડતર થયું, સેવા કરવાનો મોકો મળ્યો. બે છોકરાઓ, એક દિકરીને મોટા કરવામાં અને ઘરની જવાબદારીઓમાં સમય ગયો. ખૂબ કરસરથી રહી. નાનપણથી કાંઈ ને કાંઈ કરવાની આદત એટલે ટેલરીંગનો ડિપ્લોમા, જૈન સજ્જાયો, ભરત, ગુંથણ, પેંટીંગ, સિલાઈ (આદિ પ્રવૃત્તિમાં) સમય સરળ વ્યસ્ત થયો. ટેલરીંગ ડિપ્લોમામાં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવી. ગહુંલીઓ વધારેમાં વધારે આવડતી અને સાથે-સાથે અન્નપૂર્ણા પણ સ્ત્રીઆની વધારેમાં વધારે કળાઓ અવગત થાય એના પર લક્ષ્ય રહ્યું સાથે જાપ, તપ, જાત્રાઓ પર કરી.

છોકરાઓને પરણાવી હાશ થતા હવે પછીનું જીવનનો વિચાર કરતી રહી ત્યાં તો ૬૫ વરસ પતિનું અવસાન થયું. એ આઘાતમા બે ત્રણ વરસે શું કરવું ન કરવું ગડમથલ ચાલતી. સ્નેહીજનો સાથે ચર્ચા કરતા તમારામાં આટલી બધી કળાઓ છે એને સમાજ માટે વાપરો. વિચાર કરતા હુબલી શ્રી હિતવર્ધક મહિલા મંડળમાં ચર્ચા કરીને બહેનો માટે બહેનો દ્વારા મહિલા ગૃહઉદ્યોગ કેન્દ્ર શરૂ કરીએ આ મારા પ્રસ્તાવથી ગૃહઉદ્યોગ કેન્દ્ર શરૂ થયું.

આ મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. રાંધણકળા મારો ગમતો વિષય અને મંડળના સાથ સહકારથી મને બધી મળ્યું. લાગી ગઈ કામ માટે. જગા તો મહાજનની હતી. વાસણ થોડા લીધા અને ગામમાં ઘરે ઘરે જઈને ભેગા કરવામાં આવ્યા. નાનપણમાં મળેલા સંસ્કારો, શક્તિ, સમયનો સદુપયોગ, મારી હોશીયારી અને સમાજનું ઋણ ચુકવવાનું, સમાજસેવા કરવાનો લ્હાવો આ દ્વારા મળતો ગયો. ગામમા બહેનોને સ્વાવલંબી અને ટાઈમનો સદુપયોગ માટે સમજાવીને ગૃહઉદ્યોગમાં જોડાવવાની અપીલ કરી. આવક સાથે નવરાશનો સમય ઘણી વડીલ બહેનોને સરલ પસાર થવા લાગ્યો. ૬-૭ બહેનો અને નાની મુડીથી

અનુસંધાન પાના નં. ૧૨ પર

જય શ્રી પોડસાદાદા  જય શ્રી સચ્ચામાતા  જય શ્રી ક્ષેત્રપાલ દાદા

''વિકમશી નુખના''

''શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી''

માતાજીની સમૂહ પહેડી તા. ૧૬-૮-૨૦૧૫ના મુંબઈ મધ્યે આયોજીત કરેલ છે. સવારના ૮ કલાકે ''ભુઈમા''ના નિવાસ સ્થાનેથી માતાજીની છબિ સાથે પ્રસ્થાન. આરતીની થાળી શણગારી લઈ આપવવી. આરતી હરિફાઈ રાખેલ છે.

નોંધ : વિકમશી પરિવારની દિકરી/નિયાણી બહેનોને સપરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

સંપર્ક : નિલેશ કરમશી વિકમશી - 98207 82431
અખિલેશ ધનજી વિકમશી - 98198 27280

**લગ્ન સંબંધી**

અમદાવાદ સ્થિત B.Com ગ્રેજ્યુએટ માંગલિક કુંવારી કન્યા Born. 1987, Ht. 5'.3" તેમજ Born. 1990, Ht. 5'.5" માટે સંસ્કારી અને સુશિક્ષિત કુંવારા યુવકોના વડીલો સંપર્ક કરો : મો. 094283 54409

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.

જ્યોતિ હવે માટુંગામાં જ !

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડોનું ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ
## શ્રી વીરજી લધાભાઇ ટ્રસ્ટ, શ્રી મણિ-માણેક ચેરિટેબલ ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

ન્યુ લક્ષ્મી નિવાસ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ - ૪૦૦૦૮૬
ટેલિ: ૨૫૧૩ ૩૧૭૪, ૨૫૧૦ ૦૧૫૭
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦૦૦૯
ટેલિ: ૨૩૪૪ ૮૨૭૪
ઇમેઇલ: sps_trust_loan@hotmail.com | vlvg_100@hotmail.com

**INTEREST FREE loan for KDO students all over India**



**જ્ઞાતિ મહાન, થાય શિક્ષણ આસાન,**
**વિધાર્થીઓ વિકસે, કરે સહુનો ઉત્થાન**

**KDO જ્ઞાતિના શિક્ષણ ઇચ્છુક વિધાર્થીઓ માટે**
**જ્ઞાતિની ઉપરોક્ત કોઇ પણ સંસ્થામાંથી વ્યાજમુક્ત લોન**
**મેળવવાની ઉત્કૃષ્ટ વ્યવસ્થા**

કેન્દ્રવર્તી વ્યવસ્થા | ગતિશીલ પ્રક્રિયા | દરેક કોર્સ માટે લોન | સચોટ માર્ગદર્શન.

**બસ, આટલું કરશો**

- આપેલાં બે સરનામાંમાંથી કોઇપણ સરનામેથી એપ્લિકેશન ફોર્મ મેળવી લો.
- સુવાચ્ય અક્ષરે, સંપૂર્ણ વિગતો વ્યવસ્થિત ભરીને અને તમામ આવશ્યક ડોક્યુમેન્ટ્સની નકલ સાથે જોડીને ફોર્મ સબમિટ કરો.
- જ્યારે ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે, વિધાર્થી અને વાલી સાથે પધારો.
- તમારી લોનની એપ્લિકેશન એ સાથે મંજૂર થવાના માર્ગે... (નિયમોને આધીન)

## KDO વિદ્યાર્થી થાય સુશિક્ષિત, સુખી
## સંપન્નતા પહોંચે આપણા પ્રત્યેક જ્ઞાતિજનો સુધી

**આજે જ એપ્લિકેશન કરીને મનગમતું શિક્ષણ પામવાનું સપનું સાકાર કરો**

mangrol@gmail.com



## શ્રીનલીયા તીર્થે ગાજયોજિનશાસન નો જય જય કાર પૂ. ગુરૂજીનો ચાર્તુમાસ પ્રવેશ થયો શાનદાર

શ્રી ચંદ્રપ્રભુ દાદા ના દરબારે શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયાના આંગણે અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાવર્તી ની પ.પૂ.સા. ધર્મકીર્તી શ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા. શ્રી જયકિર્તીશ્રી મ.સા. નો ચાર્તુમાસ પ્રવેશ તા. ૧૮.૦૭.૨૦૧૫ ને અષાઢ સુદ બીજ – કચ્છી નવા વરસ ના સલુણી સવારે વાજતે ગાજતે જય નાદ સાથે ખુબજ ઉલ્લાસ ભેર નગર પ્રવેશ થયેલ.

પૂજ્યશ્રી મ.સા. સંઘ સાથે સૌપ્રથમ શ્રી ચંદ્રપ્રભુદાદા – શાંતિનાથ દાદા ના દર્શન કરી ઉપાશ્રય માં પધારેલ જયાં સ્વાગત સમારોહ યોજાયેલ આ પ્રસંગે સોના માં જેમ સુંગધ ભળે તેમ પૂજય શ્રી ના પ્રવેશ માં મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા ખાસ પધારી પ્રવેશ ને દિપાવ્યુ હતુ. નલીયાસંઘ ને ધન્ય બનાવી દીધા. તેઓશ્રીની સંઘ ખુબ ખુબ અનુમોદના કરેછે.

પ્રથમ પૂજય શ્રીએ માંગલીક સંભળાવી સભારંભની શરૂઆત કરેલ. મહાજનશ્રી ના પ્રમુખ શ્રી મુલચંદ ભાઈ મોતાએ પધારેલ સર્વે ગામવાસીઓ, બહારગામ થી પધારેલ મહેમાનો નું સ્વાગત કરી પ્રાસંગીક પ્રવચન કરેલ.

ચાતુર્માસ દરમ્યાન સૂત્ર – ચરિત્ર નું વાંચન થશે તે મ.સા. ને વહોરવાના તેમજ પાંચ જ્ઞાન પૂજા ના ચડાવા બોલવામાં આવેલ જેમા ભાગ્ય શાળી પરિવારોએ ઉલ્લાસભેર લાભ લિધેલ

વિ વિધ ભાગ્યશાળી પરિવારો તરફથી રૂ. ૭૦/- નુ સંઘપૂજન તેમજ નલીયામહાજનશ્રી તરફથી પેંડાની પ્રભાવના થયેલ. પૂ.સા. મ.સાહેબ ના સુંદર શૈલીથી ચાતુર્માસ પ્રવેશ પ્રસંગ વિશે પ્રવચન આપી સૌના દિલજીતીલીધા હતા.

શ્રીસંઘ એવમ્ બહાર ગામ થી પધારેલા મહેમાનો ની નવકારશી મહાજનશ્રી તરફથી રાખવામાં આવેલ.

પ્રવેશ પ્રસંગે મુંબઈ – દેશ – દેશાવરથી ઘણા ગામવાસીઓ, નિયાણી બહેનો તથા નાગડા – ખોના – લોડાયા ગોત્રના ભાવીકો. પધારેલ આપ્રસંગે ટ્રસ્ટી શ્રી ચેતન ખોના, ચિમનલાલ ખોના, વિજયભાઈ ખોના, મનોજભાઈ લોડાયા, દિલીપભાઈ મોતા, હેમંત મોતા, નિલેશ મોતા, જગદીશ છેડા વગેરે ઉપસ્થીત હતા.

## શ્રીનલીયા તીર્થે મુંબઈ મહાજન શ્રી ના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા નું ભવ્ય બહુમાન

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન નલીયા તરફથી મોભી એવા શ્રી મુંબઈ મહાજનશ્રી ના નવનિયુક્ત પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાનું. બહુમાન સંભાંરભ તા. ૧૭.૦૭.૨૦૧૫ ને શનીવાર સાંજે સ્થાનિકે વિશાળ ગામવાસી જ્ઞાતિજનો અને મહેમાનો ની હાજરીમાં યોજવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રી મુલચંદભાઈ મોતા. કલ્પેશભાઈ મોતા – શાંતિલાલભાઈ નાગડા કુસુમકાંતભાઈ નાગડા દ્વારા દિપ પ્રગટાવી ને કરવા માં આવેલ. ત્યારબાદ શ્રીમતિ કવીતાબેન મોતા, દર્શનાબેન મોતા દ્વારા નવકાર મંત્ર નું સુંદર શૈલીમાં પઠન કરવા માં આવેલ. મંચસ્થ નલીયા મહાજનશ્રી ના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતા ગામની ત્રણે સંસ્થાના ટ્રસ્ટીશ્રી વિજયભાઈ ખોના શેઠશ્રીના વારસ શ્રીકુસુમ કાન્ત નાગડા અને સન્માન શ્રેષ્ઠીશ્રી કલ્પેશભાઈ મોતા. મહાજનશ્રીના માનદ્ મંત્રી શ્રી ચેતન ખોના એ સ્થાન ગૃહણ કરેલ.

નલીયા મહાજનશ્રીના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતાએ સૌ ગામવાસી જ્ઞાતીજનો – મહેમાનો ને આવકારેલ. અને મહાજન શ્રીની પ્રવૃતિઓનો અહેવાલ આપેલ તેમજ ચાતુર્માસ, પર્યુષણ પર્વે ગામવાસીઓ અને નિયાણી બહેનો ને પધારવા આમંત્રણ આપેલ. ત્યારબાદ અનુક્રમે શ્રી કુસુમકાન્ત નાગડા દ્વારા શ્રીફળ આપી શ્રી મનોજભાઈ લોડાયા દ્વારા માળા પહેરાવી શ્રી ચીમનલાલ ખોના દ્વારા શાલ ઓઢાળી અને શ્રી મુલચંદભાઈ મોતા દ્વારા સન્માન પત્ર આપી મુંબઈ મહાજનશ્રી ના પ્રમુખશ્રી શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા નું. તાળીઓ ના ગડગડાટ વચ્ચે જયનાદ સાથે ભવ્ય બહુમાન કરવામાં આવેલ.

ત્યાર બાદ જીવદયા પ્રેમી શ્રી છગનલાલ સોમચંદ નાગડા, નલીયા-ગાંધીધામ નું પણ આપ્રસંગે બહુમાન શ્રી કલ્પેશભાઈ મોતાના વરદ હસ્તે શ્રીફળ – માળા – સાલ – સન્માન પત્ર આપી કરવામાં આવેલ.

શ્રી કલ્પેશભાઈ મોતાએ સન્માન ના પ્રત્યુતર આપતા પ્રાસંગીક પ્રવચન કરેલ. પોતાના અને મુંબઈ મહાજન વતી તન – મન – ધન થી સંર્પૂણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

આ પ્રંસગે શ્રીમતી તારાબેન લહેરચંદ નાગડા એ પ્રસંગ અનુસાર સુંદર સ્વરચીત કાવ્ય નું. પઠન કરેલ.

સન્માન પત્રનું વાંચન – કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ માનદ્મંત્રી – ટ્રસ્ટી શ્રી ચેતન માણેકચંદ્ર ખોના દ્વારા કરવામાં આવેલ.




।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ।।

રજી. નં. A ૫૬૪ (કચ્છ)



# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા


ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૧-૨૨૨૩૩૭

Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ કાર્યાલયઃ- C/o. ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (૫), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪


**વીતી ગયા વર્ષો જિંદગીની ઝઝરમાં, સમય કયાં વહેતો રહ્યો, આટલા વર્ષનો, ખબર ન પડી જીવનની ઝટપટમાં.**

## મહાપર્વ ચાતુર્માસ - પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના માટે ભક્તિભાવભર્યું આમંત્રણ

પ્રાતઃ સ્મરણીય જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશી નાથાની પુનિત તીર્થ ભૂમિ નલીનપુર નગરે

સુખશાંતિના પરમ ધામે આરાધના પ્રેમી નલીયાવાસી પધારો.. પધારો... સ્વાગતાર્થે

### પર્વધિરાજ પર્યુષણ મહા પર્વ

### શ્રાવણ વદ ૧૩ શુક્રવાર તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૫ થી ભાદ્રપદ સુદ ૬ ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૫

**સહુ ગામવાસી જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને સહપરિવાર વિરાટ સંખ્યામાં અંતઃ કરણપૂર્વક પધારવા આમંત્રણ.**

**શ્રી ચંદ્રપ્રભુ દાદાના પુનિત પ્રભાવે શ્રી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના સાહિત્યલંકાર દિવાકર પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી. મ.સા.ની. પરમ કૃપાથી આપણા શ્રી સંઘના ભાગ્યોદયે મહાજનશ્રી ની વિનંતીને સ્વીકારતાં પ.પૂ. આ. ભગવંતશ્રીના આજ્ઞાનુવર્તી પ.પૂ. સા. ધર્મકિર્તીશ્રી મ.સા. ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રીજી જયકિર્તીશ્રી મ.સા.** ની પાવન નિશ્રામાં ચાતુર્માસનો લાભ નલીયા તીર્થને સુંદર રીતે આરાધના સહ પ્રાપ્ત થઈ રહ્યો છે.

પર્યુષણ પર્વની મેઘધનુષી ઉજવણી અને ધર્મ આરાધના કરવા પરમાત્માનુ સ્મરણ, સંઘની ભક્તિ અને સાધર્મિક ભક્તિ, ચૈત્યપરીપાટી, જિવદયા અને પ્રતિક્રમણ તથા સ્તવન ભાવના વિગેરેનું તથા ભાદરવા સુદ ૨ ના સુપનની સંગીતમય ધૃત ઉછામણી સાથે વિગેરે કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરેલ છે.

સહુ ભવ્ય આરાધના પ્રસંગે બહારગામથી પધારનાર ગામવાસીઓ, નિયાણી બહેનો, મહેમાનો તથા સ્થાનિક જ્ઞાતિજનો માટે પ્રતિ વર્ષ મુજબ સાધર્મિક ભક્તિનો લાભ આ સંઘના રસોડે મહાજનશ્રી તરફથી રાખવામાં આવેલ છે.

**સંવત ૨૦૭૦ ના દરિયાવદિલ દાતાઓનો અંતઃ કરણપૂર્વ આભાર સહ અનુમોદના કરીએ છીએ.** આ વર્ષે સમગ્ર ચાતુર્માસ તથા મુંબઈ મધ્યે સ્નેહ મિલન - સ્વામિ વાત્સલ્ય - તપસ્વી બહુમાન - સરસ્વતી બહુમાન ના આયોજન ખર્ચ ને પહોંચી વળવા સર્વે ગામ વાસીઓ લાભ લઈ શકે એવી શુભ ભાવના થી.. સર્વ સાધારણ ચાતુર્માસ આરાધના ફંડ સવંત ૨૦૭૧ ની યોજના બનાવવામાં આવેલ છે જેમા આપનો ફાળો આપીને અમને પ્રોત્સાહિત કરશોજી. **આધારસ્થંભ : ૫૧,૦૦૦/-, રત્નસ્થંભ : રૂ. ૨૫,૦૦૦/-, સુવર્ણસ્થંભ : રૂ. ૧૧,૦૦૦/-, રજતસ્થંભ રૂ. ૫,૦૦૦/-** વધુમાં વધુ સંખ્યામાં પ્રદાન કરીને મહાજનશ્રી ની પ્રવૃત્તિઓને પ્રેમથી પાંગરતી રાખશોજી. ઉપરોક્ત ફંડ માં સાધર્મિક ભક્તિ, તપસ્વીઓની ભક્તિ સાધુ-સાધ્વી વૈયાવચ્છ જેવા અનેક લાભો સામેલ છે. દાતોશ્રીઓ ના નામો ફલેક્સ બોર્ડ ઉપર સ્થાનિકે ચાતુર્માસ દરમ્યાન યોગ્ય જગ્યાએ મુક્વામાં આવશે. ઉત્સાહ ઉમંગ અને શક્તિ પ્રમાણે લાભ લેવા વિનંતી.

**મૂલનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી (વીર વસઈ ટૂંક) જિનાલયને ૧૭૫ મું વર્ષ ચાલે છે.** આ પ્રસંગે ભવ્ય આરાધના, જિનભક્તિ અને આત્મશ્રેયાર્થે અનુમોદનીય ભાવે કરવા નલીયા ગામે પધારશોજી.

શ્રી નલીયા તીર્થ પર્યુષણ પર્વની આરાધનાર્થે પધારનાર સર્વજનોની સામૂહિક ઉતારાની વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તે માટે ગામવાસીઓ, નીયાણી બહેનો, આરાધકોએ પોતાના નામો વહેલાસર **સ્થાનીક કાર્યાલય - ૦૨૮૩૧-૨૨૨૩૩૭** પર સંપર્ક કરી લખાવી દેવા નમ્ર વિનંતી છે.

આપનું ચાર્તુમાસ આરાધના ફંડ સર્વ દાતાશ્રીઓએ મહાજનશ્રીના ટ્રસ્ટીઓ, ચાતુર્માસ સમિતિના સભ્યો અથવા કાર્યાલય ઉપર સંપર્ક કરી નામ લખાવવા નમ્ર વિનંતી છે.

પર્યુષણપર્વ તથા સમગ્ર ચાતુર્માસ દરમ્યાન આપની અનુકુળતાએ માદરેવતન નલીયા ગામે પધારી દર્શન-વંદન-તપ-આરાધના કરવા ફરી થી સર્વેને **ભક્તિભાવ** ભર્યુ આમંત્રણ છે.

જિનભક્તિભાવે ફૂલ નહીં તો ફૂલ પાંખડી ઘરીને એક પણ વતની હૃદયને ભીનું કર્યા વગર ન જાય એ જ અનુમોદનીય ભાવ સહ આપને અંતઃ કરણપૂર્વક આમંત્રણ છે.

**આ અનેરા આત્મકલ્યાણ ના પ્રસંગે વહાલા વતને જરૂરથી પધારવા ફરીથી આમંત્રિએ છીએ.**

આપસૌના સાથ અને સહકારના અભિલાષી

લિ. શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન - નલીયા - ટ્રસ્ટીગણ - ચાતુર્માસ સમીતી

જરૂર થી પધારશો....

ગામાઈ ભાઈ -બ્હેનો એકબીજા ના સંપર્ક માં આવી ભાતૃ ભાવના કેળવી ગામની એકતા વધારે અને ગામનો યુવા વર્ગ સાથે મળી ભવિષ્ય માં રચનાત્મક પ્રવૃતિઓ કરે આશુભ હેતુથી મુંબઈ મધ્યે

**સામુહીક ક્ષમાપના - સ્વામિ વાત્સલ્ય - સ્નેહમિલન**

તા. ૧૧/૧૦/૨૦૧૫ ના રવીવારે સવારે ૯/૩૦ થી... લાયન્સ કલબ કમ્યુનિટી કોલ (એ/સી.) ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ) મધ્યે રાખેલ છે.

શરૂઆત કરી. દરેક વસ્તુની ખરેદી, ક્વોલિટી ઉપર પુરતું ધ્યાન, જયણા અને યોગ્ય ભાવ તેથી ગૃહઉદ્યોગ સફળ રહી અને પ્રતિસાદ મળતો ગયો અને પછી જગા પણ ગૃહઉદ્યોગની થઈ ગઈ. સાથે સાથે નૂતનીકરણ, નવા વાસણો વસાવતી ગઈ. મારું તન, મન અને ધન બધુ આની પાછળ આપતા મને જે સંતોષ અને આનંદ મળ્યો છે એ હું વર્ણવી નથી શક્તી.

સંસ્થા માઁ છે એવી રીતે કાર્ય કર્યું. ગૃહઉદ્યોગના વિકાસમાં મેં મારા પ્રાણપુર્યા. રાંધણકળાની ફાવટ હતી એટલે ખાખરા, ફરસાણ, મિઠાઈઓ, પાણીપુરી અને મસાલાઓ બધું સરળતાથી શીખડાવી બહેનોને તૈયાર કરી. મેસુબ એટલે હું માસ્ટર હતી. ૮-૧૦ કિલો મેસુબ ઓર્ડર હું + અને હેલ્પર બહેનો બનાવતા. સવારના મારા ઘરેથી ટિફીન લઈ, સ્વખર્ચે રીક્ષામાં સમયસર આવી જતી અને ૧૫ વરસ ધગશથી કામ કર્યું. નાની મુડીથી શરૂઆત કરીને બેંકમાં બેલેન્સ વધતી ગઈ. મારું મનગમતું, નિઃસ્વાર્થ કામ મળતા સેવા સાથે કાર્યની મજા મનને સંતોષ આપી ગઈ. મોટી ઉંમરની બહેનો, એકલી જરૂરીયાતમંદ બહેનોને આવકની શરૂઆત થઈ, એ જોઈને મન તૃપ્ત થતું. એમાંથી કલ્પના આવી કે જીવનપ્રભાત કેન્દ્ર શરૂ થયું. મંડળમાં કામ કરતી બહેનોની થોડી મુડી જમા કરીને બેંકમાં ખાતું ખોલીને જમા કરવામાં આવતી. એમાંથી વગર વ્યાજની લોન પણ આપવામાં આવતી. વરસ દરમિયાન જાત્રા, દવાનો ખર્ચ, સીઝન પ્રમાણે પૌષ્ટીક ચીજો પણ આપવાની શરૂ કરી.

૧૫ વરસ અવિરત યાત્રા શરૂ હતી. નાની ઉંમરની અને નવી બહેનો જોડાઈ જાય તો મંડળ હજી આગળ વધે. બીજ રોપાઈ ગયું હતું એટલે સ્વયં સેવાનિવૃત્તિ લેવાનો વિચાર કર્યો. ગામેગામથી ગૃહઉદ્યોગનું નામ સાંભળીને લોકો ખરેદી કરવા આવતા એટલે એડવરાટાઈઝની પણ જરૂર ન હતી. મારો જન્મ સાર્થક થયો એવું લાગે છે. ઘણી બધી સંસ્થાઓએ મારી કદર કરી, સન્માનિત કરી અમારા ગામોમાં ગૃહઉદ્યોગ શરૂ કરવા માટે સલાહ આપો એવું પણ સૂચન આવ્યું. દરેક સ્ત્રીમાં કાર્યશક્તિનો સ્રોત છે. એ સમજીને એને સેવાયજ્ઞ સાથે કાર્ય કરીએ તો ટર્નિંગ પોઈન્ટ તમારી ઉંચાઈને ક્યાં લઈ જાય છે, એની અનુભૂતિ થઈ.

આજે પણ કાર્યરત છું. હાથે બનાવેલી વસ્તુઓ ગીફ્ટ આપવી સરળ વાનગીઓ જમાડવી એ શોખ છે. સ્વઆનંદ, સમાજનો ઋણ ચુકવવાનો મારો ટર્નિંગ પાઈન્ટ મારા જીવનની અમુલ્ય મૂડી છે.

## રણમાં વીરડી

ગતાંકમાં ''રણમાં વીરડી જેવી સંસ્થા રાપર જીલ્લાનો નિલપર આશ્રમ''ના લેખિકા ગીતા જૈન નામ શરતચૂકથી છપાયું ન હતું તે બદલ ક્ષમાયાચના. લેખિકા સિધ્ધહસ્ત કલમધારિકા છે. છેલ્લાં અઢાર વર્ષોથી દેશના વિભિન્ન વિસ્તારોમાં યોગ અને પ્રાકૃતિક જીવન જાગૃતિ અર્થે ''સ્વયં સ્વસ્થ બનો'' અભિયાન હેઠળ નિઃશુલ્ક શિબિરોનું આયોજન કરતા રહ્યા છે.


જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું
સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુઃખનો અનુભવ કરતા હોઈએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા
પોતાને પગભર થવા.
સંપર્ક :
**રૂપલ શાહ - 98339 96477**

કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્સ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોંચો (ગેરન્ટી સાથે).


## શ્રી સચ્ચાઈમાં લોડાયા ફલીયા નલિયા

શ્રી સચ્ચાઈમાં ભાવિક સેવા મંડળ દ્વારા આયોજીત લોડાયા ફલીયા નલિયા મધ્યે સ્થિત ગોત્ર કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના ખૂબજ આનંદ ઉલ્લાસપૂર્વક ભક્તિભાવથી તા. ૧૭/૭/૨૦૧૫ના (અષાઢીબીજ)ના દિવસે પુર્ણ થયો. જેમાં લગભગ ૫૦ થી ૬૦ ભાવિકોએ લાભ લીધો.

નૂતન મંદિર બનાવવાનો લાભ શ્રી મયુરભાઈ દામજી જીવરાજ લોડાયા, નલીયા હાલ મુલુન્ડ પરિવારે લીધો.

આગામી પહેડી મુંબઈ મધ્યે રાખવાની યોજના છે. પહેડી દરમ્યાન સચ્ચાઈમાં ભાવિક એવા નામથી વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે. આપ આપના નામ નીચેના નંબરપર ફોન કરી Add કરાવી શકો છે.

**મીતા લોડાયા - 098929 17475**
**મનોજ લોડાયા - 098674 65591**
**નિરેન લોડાયા - 098695 12856**

**આપ સૌના સુઝાવ અને સહકાર્ય આવકાર્ય છે.**

જય સચ્ચાઈમાં જય પોડસા દાદા

## ''ઈચ્છા નિરોધ તપ'' સંકલન - લી. લક્ષ્મીચંદ ચાંપશી દંડ, જિનાજ્ઞા - 09374881300

ઈચ્છાનો કંટ્રોલ કરાવે તેનું નામ તપ, પોતાની ઈચ્છાઓને સંયમિત કરવી તેનું નામ તપ. આજ સુધીમાં આપણે જે જે તપ કર્યા હોય, અત્યારે કરતા હોઈએ તે બધા જ તપ વખતની આપણી સ્થિતિ વિચારવાની ખાસ જરૂર છે. શું આપણે માત્ર ભોજનના પદાર્થોનો જ ત્યાગ કરીએ છીએ કે ભોજનના પદાર્થોની ઈચ્છાનો પણ ત્યાગ કરીએ છીએ ?

ઉપવાસ, આયંબીલ, એકાસણા વગેરે તો તપ છે જ. પણ જેમાં ભોજનનો ત્યાગ ન હોવા છતાંય ઈચ્છાનો ત્યાગ-સંયમ થયો હોય તો તે પણ તપ જ છે. ભૂખ લાગી છે, ભોજન તૈયાર છે. છતાંય હમણાં નહિ, ૧૫ મિનિટ પછી એમ વિચારીએ અને ૧૫ મિનિટ સુધી પોતાની ખાવની ઈચ્છાને સંયમિત કરીએ તો તે પણ તપ જ કહેવાય.

ગરમીમાંથી ઘરે આવીને તરત એ.સી. કે પંખો ચાલુ કરવાની ઈચ્છા હોવા છતાં થોડું સહન કરવું છે, કર્મો ખપાવવા છે એવી ભાવનાથી ૧૫ મિનિટ સુધી એ.સી. કે પંખો ચાલુ ન કરવાનું નકકી કરીને ઈચ્છાને કંટ્રોલ કરવી તે ય તપ છે. સાડી લાવવાની ઈચ્છા થઈ છતાંય ૨/૩ મહિના સુધી નથી ખરીદવી એમ કંટ્રોલ કરવો તો તે પણ તપ છે.

આ રીતે ખાવા-પીવાની હરવા ફરવાની પીકનીક ટુરની - બોલવાની - પૈસા કમાવવાની, પંખા-એ.સી. ગાડી વગેરેની ઈચ્છાઓને કંટ્રોલમાં લેવી એ તપ છે. આવી રીતે તપ આપણને કર્મો ખપાવીને મોક્ષે જવામાં સહાયક બને, સાચા સુખી બનાવે. દુઃખ મુક્ત કરે. બધા જ દુઃખોનું, બધા જ પાપોનું જો કોઈ મૂળ હોય તો તે ઈચ્છા છે. ઈચ્છા કરવી હોય તો એક જ કરો કે હું સદા માટે ઈચ્છા વિના નો બની જાઉ!'' "Desire to be Desire less" ઈચ્છા વિનાના બનવાની ઈચ્છા કરવી એટલે મોક્ષ મેળવવાની ઈચ્છા કરવી. કારણકે મોક્ષમાં કોઈ જ ઈચ્છા ન હોય. ઈચ્છા જો સંસારમાં જ હોય, મોક્ષમાં દુઃખ ન હોય, દુઃખ તો સંસારમાજ હોય. મોક્ષમાં પાપ ન હોય, પાપ તો સંસારમાં જ હોય. સુખ સંસારમાં ન હોય, તે તો મોક્ષમાં જ હોય. તેથી દુઃખી - પાપી ન બનવું હોય, સાચા સુખી બનવું હોય તો મોક્ષમાં જ જવું જરૂરી છે. તે માટે ઈચ્છા વિનાના બનવુંજ જરૂરી છે.

### અભિનંદન - અભિનંદન - અભિનંદન યુવા દાતાને

થોડા સમય પૂર્વ પ્રકાશ સમીક્ષામાં વાચવા મળેલ. કે જ્ઞાતિના યુવા દાતાશ્રી હિરેન મણીલાલ ડુંગરશી દંડ બાયઠવાળા (મઝગાંવ) હાલ વડાલા એ શ્રી શિક્ષણ પ્રસાર સમિતિના માનનીય ટ્રસ્ટી શ્રી શીવજી કુંવરજી વીકમશીને બે વખત મળીને કુલ રૂા. ૨,૨૨,૨૨,૨૨૨/- (એકે બે કરોડ બાવીસ લાખ બાવીસ હજાર બસો બાવીસ) નું માતબર દાન શિક્ષણ ખાતા માટે અર્પણ કરેલ છે.

તે બદલ યુવા દાનવીર શ્રી હિરેનને ખોબા ખોબા ભરીને અભિનંદન, અભિનંદન અને અભિનંદન મોકલાવતા અપૂર્વ આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ દાનથી આપણા શિક્ષણ ખાતાને સારી એવી રાહત મળશે અને વધારેનો વધારે વિદ્યાર્થીઓને લાભ મળશે. જ્ઞાતિના ઘરે ઘરે શિક્ષિત વ્યક્તિ ઉપલબ્ધ થશે જેથી આવક વધશે અને સુખી જીવન પ્રામ કરશે. જેનો યશ શ્રી હિરેનને જાય છે. આ દાન પ્રકરણ જ્ઞાતિના અન્ય ધનવાન વ્યક્તિઓ માટે અનુકરણીય બની રહો એજ અભિલાષા.

- ઉત્તમચંદ લ. શાહ (લોડાયા), વડાલા


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઈનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**અ.સૌ. જયતિ સુમિત શાહ (મોતા)**
લાખણિઆ - અમદાવાદ,
P.G.D.B, I & I **54%**,
B.Ed. (Eng.) **78.5%**



**કૃપા રૂપા છત્રસેન લાપસિયા**
સુથરી - જલગામ
BBM (Finance) A-Grade
Final Year **7.50**



**હેતલ જ્યોતિ પ્રદિપ દંડ**
મંજલ રેલડિયા - ભુજ
T.Y. B.B.A. (ગુજરાત યુનિવર્સિટી)
CGPA : **7.05**



**ડેનીલ દેવેન પોલડીયા શાહ**
-
S.S.C. માં **80.40%**



**કિંજલ ખોના**
-
- માં **72.31%**



**CA ધવલ પ્રભા મહેન્દ્ર લોડાયા**
તેરા - રાયપુર,
Chartered Accountant માં **53.5%**



**સમીર દર્શિકા દિલીપ ખોના**
સાંધવ - ડોંબીવલી,
S.S.C. માં **75%**



**મયંક તોરલ રાજેશ દંડ**
લાલા - ભાંડુપ
H.S.C. માં **81.08%**

**પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.**

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.




"મેહુલિયો વરસે અને નાચી ઉઠે મોર
એમજ નાચી ઉઠે મનનો મોર
"પાલવ"ના મનોહર વસ્ત્રો જોઈને"

"પાલવ" (મુલુંડ)

રંગબેરંગી બાંધણી - ભભકાદાર ઘરચોળા - ચણિયાચોલી
ડિઝાઈનર ડ્રેસ મટેરીયલ્સ - બ્રાઈડલ ફૂટવેર - બ્લોક પ્રિન્ટેડ ફેબ્રીક્સ

શોપ નં.1, ઓ-વિંગ, વર્ધમાન નગર,
ભક્તિ માર્ગ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-80.
25616842 • 25906287

ડિઝાઈનર બ્લાઉસ, હેન્ડ એમ્બ્રોઈડરી, સ્ટીચીંગની સુવિધા
રવિવારે વિશ્રામ

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## આરોગ્ય પ્રકાશ : કસરત – નિરોગી રહેવાની ચાવી – ભાગ ૧

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, મુલુંડ – તીથલ M.B.B.S. (Bom), M : 9757303562 / 7069621931

આપણે કોઈપણ પ્રકારની કસરત નિયમિત કરવી જોઈએ. કસરત ન કરીએ તો જાત જાતની બિમારીઓ લાગુ પડે. વજન વધે, ગરદન, કમર અને બીજા સાંધાના દુખાવા થાય, બદલતી જીવનશૈલીને લીધે આજકાલ થતી બિમારીઓ ટાળવા અને નિરોગી રહેવા કસરત કરવી જરૂરી છે.

કસરતના મુખ્ય ૨ પ્રકાર છે. ૧) ઍરોબીક કસરત ૨) વેઈટ લિફ્ટીંગ, પૂલઅપ્સ જેવી સ્નાયુઓ મજબૂત કરવાની કસરત. ઍરોબીક કસરતમાં બ્રિસ્ક વૉક, દોડવું અંગ કસરત, તરવું, ટ્રેકિંગ, દોરડા, કુદવા, સાઈકલ ચાલવવી, સ્કેટીંગ, ક્રિકેટ, ફૂટબોલ જેવી રમતો રમવી. ઘરનું કામ કરવું. બાગકામ કરવું વગેરે. ગામડાના પાણી ભરવા તળાવે જવું, ગાયો ચરાવવી, ખેતી કરવી, લાકડા કાપવા વગેરેમાં પણ કસરત આવી જાય છે. નાના બાળકોનો રમતમાં જ કસરત થઈ જાય છે. (મોબાઈલ ફોન જેવી બેસીને રમાતી રમત નહીં.)

યોગ-પ્રાણાયામ એ ભારતીય સદીઓ જુની શરીર સાથે મનને પણ તાજગી બક્ષે એવી અલગ જ કસરત છે અને એના ઘણા જ ફાયદા છે. પ્રાણાયમ (એક નસકોરાથી ધીરેથી શ્વાસ અંદર લેવું અને બહાર કાઢવું) થી ટેન્શન દૂર થાય, સ્ટ્રેસ મેનેજમેંટ થાય અને બીજા ફાયદા થાય.

ખડખડાટ હસવું એ પણ એક પ્રકારની શ્રેષ્ઠ કુદરતી કસરત છે માટે રોજ ખડખડાટ હસો. કોઈ જોક રોજ વાંચો, યાદ કરો. શંખધ્વની કરવું એ પણ એક પ્રકારની કસરત છે. મચ્છરની બ્રીડીંગ (ઉત્પન્ન થવાની ક્રિયા)ને શંખધ્વનીથી અસર થાય છે. શંખધ્વનીના અવાજના મોજા નુકસાકારક જંતુઓ, બેક્ટેરીઆ વગેરેનો નાશ કરે છે અને મલેરીયા થતો અટકાવે છે. વાંસળી વગાડવાથી કસરત સાથે વગાડનાર અને સાંભળનાર બંનેને આનંદ મળે છે. મગજને તંદુરસ્ત રાખવા, યાદ શક્તિ સતેજ રહે, કંપવા કે અલઝાઈમર્સ ન થાય એ માટે મગજની કસરતો એ વળી અલગ જ વિષય છે.

કસરત, યોગાસન, તરવાની કે ફક્ત ઝડપથી ચાલવાથી પણ શરીરના મોટા ભાગના બધા જ સાંધા અને સ્નાયુની વાળવાની અને ખેંચવાની ક્રિયા થાય છે. કસરતથી હાડકાં, સાંધા, સ્નાયુ, લીગામેંટ (સાંધાને એની સ્થિતિમાં રાખે એવી પટ્ટા જેવી ટીસ્યુ) ટેંડનટ (સ્નાયુને હાડકા સાથે જોડનાર ટીસ્યુ), હૃદય, ફેફસાં અને મગજ સાથે શરીરના દરેક અવયવને વધુ લોહી મળવાથી ફાયદો થાય છે. આમ આપણે કોઈપણ કસરત કરી શરીર અને મનને ફીટ રાખવું જોઈએ.

કસરત વહેલી સવારે પેટ સાફ થઈ જાય પછી, ખાલી પેટે કરવી જોઈએ કે સાંજે ખાલી પેટે કરવી જોઈએ. જમ્યા પછી ચાલવું કે હળવી કસરત ફાયદાકારક છે. પણ બ્રિસ્ક-વૉક કે ભારી કસરત નુકશાનકારક છે. કસરત ચોક્કસ સમયે કરવી જેથી શરીર એ સમય માટે ટેવાયેલ હોય. હળવી ન હોય એવી કસરત કરવી હોય તો હળવો નાસ્તો કે એક કેળું કે બીજું ફળ ખાઈ પછી કરવી જોઈએ એમ હવે ડૉક્ટરો કહે છે, જેથી શક્તિ જળવાઈ રહે, સ્નાયુ જલ્દી થાકે નહીં.

કસરત કરનાર કે ઝડપથી ચાલનારે દિવસમાં યોગ્ય પ્રમાણમાં પાણી-પ્રવાહી અને પૌષ્ટિક ખોરાક લેવા જોઈએ. શરદી, ગળામાં ઈન્ફેક્શન કે તાવ જેવી કોઈ બિમારી હોય તો કસરત ન કરવી. કસરત કરીએ ત્યારે શ્વાસોશ્વાસ જોરથી ચાલે અને શરદી, ગળાના જંતુ ફેફસામાં જઈ બિમારી વધારે તેમજ તાવ કે બીજી તકલીફે વધે. ચોકખી હવા જયાં વધુ હોય એવી જગ્યા એ જ કસરત કરવી જોઇએ.

જીમમાં કસરત કરીએ ત્યારે ત્યાં બંધિયાર વાતાવરણમાં ઘણા લોકો કસરત કરતા હોય છે જે હાનીકારક હોય છે. થોડા વખત પહેલાં પોર્ટુગલ અને હોલેન્ડના સંશોધકોએ લીસ્બનના બધા જીમમાં સામાન્ય રીતે જીમની જગ્યામાં પોલ્યુટંટની માત્રા તપાસતા એ બધામાં મોટી માત્રામાં હવામાંની ડસ્ટ (ધૂળના રજકણ) ફોરમલડીહાઈડ અને કાર્બનડાયોક્સાઈડ જણાયા અને ખાસ કરીને સાંઝના કસરત કરતા લોકોને દમ અને બીજી શ્વસનતંત્રની બિમારીઓ લાંબે ગાળે થઈ શકે છે. કાર્બનડાયોક્સાઈડની ખૂબ ઊંડી માત્રાને લીધે શારીરિક થાક અને બેચેની થાય. અભ્યાસમાં એ પણ જણાયું કે આપણે જ્યારે જીમમાં કે ખરાબ વાતાવરણમાં કસરત કરીએ ત્યારે શ્વાસ જોરથી ચાલે અને આ બધા પોલ્યુટંટ ફેફસામાં જઈ બિમારી આપે.

કસરતની શરૂઆત હળવેથી અને ૫-૧૦ મિનિટથી કરવી અને પછી ધીરે ધીરે વધારતા જવી. ૫ મિનિટ વૉર્મ-અપ અને ૫ મિનિટ સ્ટ્રેચીંગ કરી પછી કસરત શરૂ કરવી. જેમ જેમ આપણી ઉંમર વધે તેમ તેમ સ્નાયુઓ ખેંચાય અને આપણા સાંધાઓમાં હલનચલન ઓછું થાય માટે રોજ સ્ટ્રેચીંગની કસરત કરવી જોઇએ. જ્યારે આપણે સ્ટ્રેચીંગ કસરત કરીએ (દા.ત. ઊભા ઊભા કે બેઠા બેઠા પગના અંગુઠા પકડવા, કમર પર હાથ રાખી કમરથી ઉપરના ભાગને આગળ કે પાછળ ઝુકાવવું વગેરે) ત્યારે સારો ફાયદો લેવા એ સ્થિતિમાં ઓછામાં ઓછી ૩૦ સેંકડ એમજ પકડી રાખવુ જોઈએ કે એજ સ્થિતિમાં રહેવું. આમ વૉર્મ-અપ અને સ્ટ્રેચીંગ કર્યા પછી બ્રીસ્ક વૉક, દોડવું કે બીજી કસરતો કરવી.

ક્રમશઃ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અનોખા વૈજ્ઞાનિક, લોકોના રાષ્ટ્રપતિ, મહામાનવ અબ્દુલ કલામને ભાવાંજલિ સાથે ભારતને સશક્ત રાષ્ટ્ર બનાવવાના એમના સ્વપ્ન પ્રત્યે સંકલ્પ ભાવે સ્મરણાંજલિ. એમાંથી પ્રેરણા લઈ આપણે જ્ઞાતિને સશક્ત બનાવવાનો સંકલ્પ કરીએ.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી દેવલાલી તિર્થે પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ સંપન્ન

પૂ.સા.શ્રી.જય દર્શિતાશ્રીજી મ.સ. તથા પૂ.સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા. ઠાણા-૨ નો ચાતુર્માસ પ્રવેશ દેવલાલીતિર્થે તા.૨૨.૦૭.૧૫ ના સવારના વાજતે ગાજતે કરવામાં આવ્યો. મુંબઈ, નાસિક, નાગપુર, ગાંધીધામ, પાંચોરા, વાપી, અંકલેશ્વર, ચાલીસગામ, જલગામ, ગદગ, ધુલિયા, પારોલા, ખંડવા, ઈન્દૌર, પલાસનેર, ચોપડા, આદિ વિવિધ ગામોથી બહોળી સંખ્યામાં ગુરૂભક્તો પધાર્યા હતા. શ્રી સંઘ એવમ્ બહારગામથી પધારેલા મહેમાનોની નવકારશીનો લાભ શ્રી નરેન્દ્ર મુલજી શાહ પરિવારે લીધેલ બપોરના સાધર્મિક ભક્તિ શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ.

ચાતુર્માસિક ગુરૂદેવના ગુરૂપૂજનનો લાભ શ્રી વેલજી દામજી મોમાયા (સાંયરા) ચાલીસગામ-નાસિક વાલાએ લીધેલ. કામળી વહોરાવવાનો લાભ નાસિકના શ્રી ક.દ.ઓ.મહાજને લીધેલ.

સુત્રાધિકારે શ્રી આત્મા વ બોધ કુલક પૂજ્ય ગુરૂદેવને વહોરાવવાનો લાભ અ.સૌ.વાસંતીબેન નરેન્દ્ર શાહની પાવન સ્મૃતિમાં હસ્તે સુશ્રાવિકા અમૃતબેન કિશોર છેડા પરિવાર પ્રિન્સ પ્લાસ્ટિક હાલે માટુંગાવાલા તેમજ ચારિત્રાધિકારે શ્રી પ્રિયંકર નૃપ કથા પૂજ્ય ગુરૂદેવને વહોરાવવાનો લાભ શ્રી નરેન્દ્ર મુલજી શાહ પરિવારે લીધેલ.

પ્રિન્સ ભોજનાલયના પરિસર ના નુતનીકરણ (નવા ડોમના) દાતાશ્રીઓ શ્રીમતી અમૃતબેન કિશોર છેડા (પ્રિન્સ પ્લાસ્ટિક) તથા શ્રી નરેન્દ્ર મુલજી શાહે લીધેલ. આ બંન્ને પરિવારોની હાજરીમાં સંઘમાતા શ્રીમતી વાસંતી બેન નરેન્દ્ર શાહની પ્રતિકૃતિનું અનાવરણ કરવામાં આવેલ. સંસ્થાના ચેરમેન શ્રી કેશવજી ઉમરશી છાડવા તથા ટ્રસ્ટીગણ તેમજ કારોબારી સમિતીના સભ્યો હાજર રહેલ.

અચલગચ્છ શણગાર શ્રી જયશેખરસૂરિ રચિત શ્રી અભાવ બોધ કુલક સૂત્રાધિકારે તથા યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગર સૂરિ રચિત શ્રી પ્રિયંકર નૃપ કથાનું વાંચન ચારિત્રધિકારે રવિવાર તા ૨ જી ઑગષ્ટ થી કરવામાં આવશે.

**૯૯ દિવસીય ૯ કરોડ સમુહ જાપ અભિયાન :** દેવલાલીના તીર્થમાં અદ્દ્ભુત શાંતિ દરબારની રચના કરી શ્રી શાંતિનાથ દાદા સમક્ષ ૯૯ દિવસીય ૯ કરોડના જાપ અભિયાનનો પ્રારંભ દ્વિ અષાઢ ૩ રવિવાર તા ૨ જી ઑગષ્ટથી થયો. માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા (કોઠારા) વિદ્યાવિહાર ચાલીસગામવાલાએ લાભ લિધેલ છે.

**શ્રી શાંતિનાથ તપ :** દેવલાલીમાં શ્રી શાંતિનાથ દાદા ધર્મચક્રવર્તી એવં છ ખંડ ચક્રવર્તી હતા એમની આરાધનાથી અમઘરશાંતિ-તુમઘરશાંતિ-શાંતિ સર્વત્ર વિશ્વમાં હોજોની ઉતકૃષ્ટભાવના સાથે શ્રી શાંતિનાથ તપ ૨ જી ઑગષ્ટથી પ્રારંભ થશે.

### કે.ડી.ઓ.ક્લાસિકના કાર્યક્રમો

કે.ડી.ઓ.ક્લાસિકે સભ્યો માટે રવિવાર તા.૨૬.૦૭.૧૫ના પૃથ્વી થોયેટરમાં રાવણલીલા નાટકનો ખેલ રાખ્યો હતો.

સંસ્થાએ રવિવાર તા.૦૯.૦૮.૧૫ ના શ્રીમતી પ્રમીલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર ઘાટકોપર પૂર્વ ખાતે શ્રી પંડિત વિશાલ ધરમશીના જૈન ધર્મની મહત્તા વિષયના પ્રવચનનું આયોજન કર્યુ છે.

### ક.દ.ઓ. કન્યા છાત્રાલયની છાત્રાઓ માટે નેતૃત્વની કળા પર વર્કશોપ

શ્રી ક.દ.ઓ.છાત્રાલયની છાત્રાઓ માટે તા. ૨૫.૦૭.૧૫ના નેતૃત્વની કળા વિષય પર શ્રીમતી સંધ્યા શિર્ખિંદેની વર્કશોપ યોજવામાં આવી હતી. આવકાર વિધિ પ્રમુખ શ્રીમતી વિમલાબેન ગોસરે કરી હતી. આયોજનને સફળ બનાવવા કારોબારી સભ્ય શ્રીમતી મૃદુલા દંડ તથા અન્યોએ જહેમત ઉઠાવી હતી.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા.૨૧.૦૮.૨૦૧૫ ને શુક્રવાર સવારના ૧૦ થી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટી કિલનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ) માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોઃ 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી રજીસ્ટ્રેશનના રૂ. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ.૧૭.૦૮.૨૦૧૫

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તા. ૨૨.૦૮.૨૦૧૫ સવારના ૧૧ થી ૪ સુધી તથા રવિવાર તા.૨૩.૦૮.૨૦૧૫ સવારના ૯ થી ૨ શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂ.૧૦૦ ત્યાં આવીને ભરવાના રહેશે. સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોઃ 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી .

### શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજન અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા.૧૬.૦૮.૧૫ના રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી યોગેશ વિશનજી કારાણી પરિવાર ડુમરાવાળાએ લીધેલ છે. આવતા માસની ભાવના તા.૨૦.૦૯.૧૫ના છે. જેનો લાભ અજીત માલશી લોડાયા પરિવાર - તેરા વાળાએ લીધેલ છે.

### ધરમશી પરિવારની સમૂહપહેડી

કોઠારા તથા ભરૂડીયાના શ્રી અખત માતાને નમતા ધરમશી પરિવારની તૃતિય સમૂહપહેડી દાતા-માતુશ્રી ગુણવંતીબેન ઝવેરચંદ રામજી ધરમશી હા. તરફથી રોટરી ક્લબહોલ ડોંબિવલી ઈસ્ટમાં રવિવાર તા.૧૯.૦૭.૧૫ના રાખવામાં આવેલ. જેમાં ભક્તિગીતો શ્રીઅનંત મિત્ર મંડળ-ભાંડુપ પ્રસ્તુત કરેલ. રાસ ગરબા પણ રાખવામાં આવેલ.

ધરમશી પરિવારના યુવ ગ્રુપે ખુબ જ સુંદર રમતો રમાડીને ઈનામો આપેલ. ત્રણસો થી વધુ પરિવારજનો દેશ દેશાવરથી હાજર રહી સ્નેહીમિલન પહેડી પ્રસાદના લાભ લીધેલ.

### ભારતનગર ગાંધીધામ -કચ્છમાં મહાકાળી ભાવના

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર ગાંધીધામ દ્વારા તા.૦૪.૦૭.૧૫ના રોજે રાત્રે શ્રી ઉપાશ્રયમાં મહાકાળી માતાજીની ભાવના શ્રીમતી કમલાદેવી લુણકરણ પારેખ ટીંકર વાલા તરફથી રાખવામાં આવેલ, સારી સંખ્યાએ લાભ લીધેલ.

ભાવના માં નુતનબેન, નીલમબેન, ભક્તિબેન મોમાયા તથા જયંતભાઈ, શામજીભાઈ, લીતેશભાઈ, મનીશભાઈ એ સારી રમઝટ જમાવેલ.

### અકોલામાં શ્રી આદિનાથ જિનાલયમાં ચાર્તુમાસ પ્રવેશ

શ્રી અંતરીક્ષ તીર્થ સ્વરૂપ શ્રી આકોલા નગરે પ.પૂ.શ્રી કલાપૂર્ણ સૂરેશ્વરજી મ.સા.ના સમુદાયના પ.પૂ.સાધ્વીજી ભગવંત પ.પૂ.દિવ્યકૃપાશ્રી મ.સા.આ.ઠા નો ચાર્તમાસ પ્રવેશ ૧૬ જુલાઈ ગુરૂવારના સવારના સંપન્ન થયો. પ્રવેશબાદ નવકારશી નું આયોજન હતું. બપોરના સામુહીક આયંબીલ તપમાં ૭૦ આરાધકો લાભ લીધેલ. આરાધકો ને ૧૧૧ રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી. આ ચાર્તુમાસમાં શ્રી પંચમેરૂ તપ નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં ૨૫ ઉપવાસ ૨૫ બેઆસણા કરવા રહેશે આ આયોજન પ.પૂ.સાધ્વીજીશ્રી દિવ્યકૃપાશ્રીની પાવન નિશ્રામાં થશે.

શ્રી કચ્છી સમાજ દ્વારા તા. ૨૬ જુલાઈ રવિવારના શ્રી કચ્છી નવા વર્ષનો આયોજન કરવામાં આવેલું હતું તેમાં સમસ્ત કચ્છી સમાજના ભાઈ બહેનોએ અતિઉત્સાહથી ભાગ લીધેલ. યુવકો - બાળકો માટે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવેલ. વડીલોના બહુમાન કરવામાં આવેલ. પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને ઈનામવિતરણ કરવામાં આવેલ. ચી.હિરલ નીતીન લોડાયા, ભુવન જયકાંત જેન(દંડ), દેવ નીલેશ લોડાયા, હીર નિશાંત લોડાયા એમને પણ ઈનામ મળેલ.

### શ્રી ક. દ. ઓ. જૈન એકતા મહિલા મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા આષાઢી બીજ નવા વર્ષ ઉજવણી નિમિત્તે એક મ્યુઝીકલ નાઈટનું આયોજન શનિવાર ૧૧.૦૭.૧૫ના કરવામાં આવ્યું. કૌશલ અને કાજલ છાયા અને તેમની ઓરકેસ્ટ્રા એ રાતના ૮.૩૦ થી ત્રણેક કલાક સુધી ગીત સંગીતના વિવિધ આઈટમોથી પ્રેક્ષકોને આનંદીત કર્યા. કાર્યક્રમનું સંચાલન દિપ્તીબેન ધરમશી અને લીપાબેન મૈશેરી એ કર્યુ હતું. મીનાબેન લાલકાએ સૌનું સ્વાગત કર્યુ હતું.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

મંડળને ૧૦ વર્ષ પૂરા થયા તેના માટે પ્રોજેક્ટ દ્વારા સ્લાઈડ શો રાખવામાં આવ્યો હતો. જેમાં મંડળના ૧૦ વર્ષના વિવિધ કાર્યક્રમોની ઝાંખી બતાવવામાં આવેલ. સ્લાઈડ શો ૠષભભાઈ નાગડા અને મનિષ ભાઈ મોમાયા દ્વારા તૈયાર કરવામાં આવેલ.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મીનાબેન લાલકા ભાવિની દંડ, કલ્પનાબેન મોતા, મૃદુલાબેન નાગડા અને દિપ્તીબેન લોડાયા ઉત્સાહપૂર્વક જહેમત લીધી હતી.

**શ્રી કચ્છ પરજાઉ મહાજન ટ્રસ્ટ ફંડ**

**પુન : પ્રતિષ્ઠા ધ્વજામહોત્સવ**

પરજાઉ મહાજન ટ્રસ્ટ તરફથી શ્રી પરજાઉ નગરે મૂલનાયકશ્રી ચંદ્ર પ્રભુ સ્વામી જિનાલય, શ્રી શિતલનાથ ભગવાન આદિ નવ પ્રાચીન જિનબિંબો પુનઃ પ્રતિષ્ઠા અને મૂળ નાયકના જિનાલયની ૧૬૧મી ધજાનો મહોત્સવનો કાર્યક્રમ વૈશાખ સુદ ૯, ૨૮ એપ્રિલથી સુદ ૧૨, તા.૩૦ એપ્રિલ ૨૦૧૫ સુધી ધામધૂમથી ઉદ્ધવાયો. આ પ્રસંગે મુનિરાજ પ.પૂ.કંચનસાગર મ.સા.ની નિશ્રા પ્રાપ્ત થઈ હતી. ગામવાસીઓ, નિયાણી બહેનો અને મહેમાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે કુલ ધૃત બોલી એકંદરે ૪,૨૭,૭૭૭ મણ અને ૧,૫૦,૮૪૧ રૂ. થઈ. આ પ્રસંગે વિધિકાર તરીકે શ્રી ધર્મેશભાઈ જયંતિલાલ દેઢીયા (બીદડા-મુંબઈવાળા) પધારેલ સંગીતકાર શ્રી કૌશીકભાઈ બારોટ (પાલીતાણાવાળા) એ ભક્તિની રમઝટ જમાવેલ.

મહોત્સવના પ્રથમ દિવસની પૂર્વ સંધ્યાએ શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી સંઘ તરફથી રહેલ. મહોત્સવના પ્રથમ દિવસે શ્રી કુંભસ્થાપના, શ્રી દિપક સ્થાપના, શ્રી જવારા રોપણ, શ્રી નવગ્રહ પાટલા પૂજન, શ્રી દશદીક્પાલ પૂજન શ્રી અષ્ટ મંગલ પૂજન અને અઢાર અભિષેકનો કાર્યક્રમ રહેલ. મહોત્સવના બીજા દિવસે શ્રી મૂળનાયકના મુખ્ય જિનાલયની ધજા, મુગટ ચડાવવાનો , શ્રી સિધ્ધચક્ર મહાપૂજન અને શ્રી કુમારપાળની આરતિની કાર્યક્રમ રહેલ.

મહોત્સવના ત્રીજા દિવસે શ્રી નૂતન દેવકુલિકામાં નવ પ્રભુજીની પુન પ્રતિષ્ઠા, ત્રણ શિખરે ધજા આરોહણ અને શ્રી લઘુશાંતિ સ્નાત્ર અને નગરધારાવડીનો કાર્યક્રમ રહેલ.

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **અનિલ ડી.ડાઘા** | ૧-બી, મેરૂ મારવેલ, ૧૦/૧૩ વંસથમ નગર, વેન્કટપુરમ પોસ્ટ, કોઈમ્બતુર - ૬૪૧ ૦૨૫ |
| **દિનેશ એમ.શાહ/મયુર શાહ** | બી-૪૦૧, પ્રથમેશ વ્યુ રેસીડેન્સી, ભાડુંપ વિલેજ રોડ, સીએટ ફેક્ટરી મેન ગેટની સામે, નાહુર (પ), મુંબઈ - ૪૦૦ ૦૭૮ |
| **પ્રેમચંદ માણેકજી ખોના** | ૩, સ્વામી સંકુલ, ફ્લેટ ૭૦૧, સી.ટી.એસ.૩૮૫/૧, વસંત પાટીલ માર્ગ, ચુના ભટ્ટી (પૂ), મુંબઈ - ૪૦૦ ૦૨૨. રાજેશ : 99200 16596 ફોન : 022-2405 0092 |
| **વિરેન્દ્ર એસ.મોતા** | દશા એન્ડ શાહ ચાર્ટડ અકાઉન્ટન, ૪-૩-૩૭૮/બી, દેવકા મહલ, ૧ લે માળે, બેંક સ્ટ્રીટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫. |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **સગપણ** | | |
| ૨૦.૦૭.૧૫ | ગાંધીધામ | હિમાંશુ કાંતિલાલ કલ્યાણજી નાગડા | તેરા | ૨૬ |
| | ધુલીયા | ભાવિકા ડુંગરશી અમરચંદ ડાઘા | ગોએરસમા | ૨૫ |
| ૨૫.૦૭.૧૫ | સાયન | ફેનીલ મુકેશ ગોંવિદજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | બુરહાનપુર | તનવી ભરત દેવશી દંડ | વરાડીયા ૨૪ | |
| | | **આંતર જ્ઞાતિય સગપણ** | | |
| ૨૩.૦૭.૧૫ | કલવા | જીગર મુકેશ સોજપાર મોતા | કુવાપધર | ૨૩ |
| | થાણા | પૂજા નીતીન ખીમજી ઠક્કર | ભાડરો | ૨૨ |
| | | **લગ્ન** | | |
| ૧૭.૦૭.૧૫ | અમદાવાદ | કૃણાલ ખુશેન્દ્ર ધનજી ધરમશી | સુથરી | ૨૬ |
| | અમદાવાદ | પૂજા પંકજ લક્ષ્મીચંદ મોતા | સુથરી | ૨૩ |
| | | **મરણ** | | |
| ૨૫.૦૭.૧૫ | ડોંબિવલી | વર્ધમાન ઠાકરશી વેલજી લોડાયા | તેરા | ૭૩ |
| ૩૦.૦૭.૧૫ | મુલુંડ | બકીમચંદ વેલજી લાલકા | લાલા | ૬૫ |
| ૩૧.૦૭.૧૫ | વડાલા | હીરજી વાલજી લાલકા | સુજાપુર | ૮૫ |
| ૩૧.૦૭.૧૫ | કલ્યાણ | ગુણવંતી અમ્રતલાલ ધરમશી | નાની ખાવડી | ૬૭ |
| ૦૧.૦૮.૧૫ | ઈંદોર | દમયંતી મણીલાલ શામજી નાગડા | લાલા | ૮૨ |

# હૃદયના દ્વારેથી ભાવભરી સ્મરણાંજલી



**સ્વ. મણીલાલ પદમશી દંડ**
સ્વર્ગવાસ તા : ૧૦-૨-૧૯૮૧



**સ્વ. નવલબેન મણીલાલ દંડ**
સ્વર્ગવાસ તા : ૫-૮-૨૦૦૫

ગામ સેવક ભરૂડીયા - હાલ-મુલુંડ



**સ્વ. મધુબેન રતીલાલ અનમ**
સ્વર્ગવાસ તા : ૧૪-૪-૨૦૦૧

જેમનું રક્ત અમારા તનમાં, જેમની શીખ અમારા કણમાં, જેમનું વાત્સલ્ય અમારા વેણમાં,
જેમના સંસ્કાર અમારા રગેરગમાં, જેમની મુરત અમારા નેણમાં, જેમની સમૃધ્ધિ અમારા જીવનમાં
જગતની દરેક સમૃધ્ધિ કદાચ મળે પણ કલ્પવૃક્ષ સમી આપની છત્રછાયા ક્યાંય ન મળે
હજીએ આપના ચહેરા પળપળ દ્રષ્ટિપાત થાય છે, તમારી ઉપસ્થિતિ પળે પળે અનુભવાય છે.
હે પ્રભુ ! પ્રાર્થના કરીએ એટલી જ કે આપજો શાશ્વત સુખ અને શાંતી અમારા માતા-પિતા અને બહેનને

## તમારી અમર સ્મૃતિમાં આશિર્વાદના અભિલાષી

અ.સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ.સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ.સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ.સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ
અ.સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
અ.સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ.સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ.સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ.સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી

ચિ. ધવલ, હિમાંશી, નિયતિ, પ્રથમેશ, તરેન, દમીત, પ્રિયાંક ના જય જિનેન્દ્ર

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પૂજ્યશ્રીઓના ચાતુર્માસ પ્રવેશ






શ્રી આદિનાથ જિનાલય ભાંડુપ નગરે પ.પૂ.સા.શ્રી. જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ



ભાંડુપ નગરે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાતિજનો




વાશી નગરે પૂજ્યશ્રીઓનું ભવ્ય ચાતુર્માસ પ્રવેશ



સાંયરા ગામે પૂજ્યશ્રીઓનું ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| NAME | : | RAJEEV |
| FATHER'S NAME | : | LALITKUMAR |
| MOTHER'S NAME | : | PRAVINA |
| SURNAME | : | SHAH (LODAYA) |
| SISTER | : | Payal w/o. Vipul Vasantbhai Vikamsey |
| Native Place | : | Varadia, Kutch |
| Mumbai Add. | : | "purusharth" Building, 5th Floor, 119, Nawroji Hill Road No.2. |
| Telephone | : | (R) : 2374 8340 • (S) : 2374 0777 (M) : 098927 31320 |
| Date Of Birth | : | 2nd April 1980, Place : Mumbai Birth Time - 8.58 P.m. |
| Height | : | 6 Ft. |
| Qualification | : | B.com. Mumbai University, Short-time Diploma Course In Computers & Software Appls. |
| Business | : | Own A Shop Dealing In Handlooms + Manufacturers & Traders of Shirts, Trousers |
| Hobbies Electronics, | : | Travelling, Films, Music & Stock Computers Etc. |
| Horoscope | : | No Mangal or Sani Dosh Kundali is Clean and free from any Dosh |

## અભિનંદન



**મિહિર ભાવના અશોક મોમાયા**
ભાંડુપ - વરાડીયા
**S.S.C. માં 95.60%**
N.E.S. School, Bhandup

તેં પાર પાડી પહેલી ઊડાન ખૂબ વધારી પરિવારની શાન. અરિહંત દેવની કૃપાથી વડીલોના આશીર્વાદથી અમારો લાડકો ચિ. મિહિરએ S.S.C. માં 95.60% ગુણાંક સાથે પ્રથમ ક્રમાંક આવી અમારી શાન વધારી છે. આ સિદ્ધિબદલ અંતરથી અભિનંદન. હંમેશા દરેક ક્ષેત્રમાં આવી રીતે આગળ વધતા રહેજો એજ શુભાશીષ.

| | | |
|---|---|---|
| નાના-નાની | : | માતુશ્રી વનીતા ખેતશી નાગડા |
| દાદા-દાદી | : | માતુશ્રી કાંતાબેન ખીમજી મોમાયા |
| માતા-પિતા | : | સૌ. ભાવના અશોક મોમાયા |
| માસી-માસા | : | સૌ. જ્યોતી આલોક નાડકર (USA) |
| મામા-મામી | : | સૌ. ચેતના કેતન લોડાયા<br>સૌ. અવની અજય લોડાયા |
| બેનો | : | ચી. શિવાંગી અનીષા નાડકર |
| મોટા નાના | : | શ્રી ધનજી નાગસી નરસી નાગડા પરિવાર |

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner) and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
Editor : Raichand R. Nagda

To,